**તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૩ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૬, બુધવાર ; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગતિશીલ ગુજરાતનું ગતિશીલ અંદાજપત્ર

## રાજ્યનું ૧૮૯.૪૯ કરોડની પુરાંત ધરાવતુ બજેટ રજુ : ગિફ્ટસીટીના વિકાસને આકર્ષવા ખાસ જાહેરાત : સર્વાંગી વિકાસ અને પ્રજાભિમુખ બજેટ લેખાવતા નાણાંમંત્રીએ ૨૫૧ કરોડની રાહતો આપી ૧૯૫ કરોડના વેરા લાદયા; કૃષિ પશુપાલન, ગ્રામ વિકાસ પર વધુ ધ્યાન આપવામાં આવશે : મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાનું સરળીકરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૩ રાજયના નાણાંમંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આજે વર્ષ ૨૦૧૬-૧૭નું પુરાંત લક્ષી બજેટ વિધાનસભા ગૃહમાં રજુ કર્યુ હતુ.

નાણાંમંત્રીશ્રીએ તેમના આ અંદાજપત્રમાં રૂ. ૨૫૧ કરોડની રાહતો જાહેર કરી છે તેમ જ ૧૯૫ કરોડના કરવેરા લાદી રૂ. ૧૮૯.૪૯ કરોડની પુરાંત રહેશે તેમ દર્શાવ્યુ છે.

તેમણે તેમના આ બજેટને પ્રજાભિમુખ અને વિકાસની રાહ પર ગુજરાત સર્વોચ્ચ શિખરે સ્થાપિત થશે તે પ્રકારનું જણાવ્યું હતું. તેમણે ગાંધીનગર ગિફ્ટસીટી ગાંધીનગરમાં જે શેરબ્રોકર્સ શેરબ્રોકિંગની રજીસ્ટર્ડ ઓફિસ સ્થાપશે અને તેજ જગ્યાએથી ઓપરેટ કરી ટ્રેડીંગ કરશે તેવા શેર બ્રોકિંગના વ્યવહારો પરત્વે ભરવાપાત્ર સ્ટેમ્પડ્યુટીમાંથી મુક્તિ આપવાની મહત્વની જાહેરાત પણ અંદાજપત્રમાં કરી છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, કૃષિ ધિરાણ ૧ ટકાના દરે ૩ લાખ સુધીનું આપવાની, ખાતરની આગોતરી સંગ્રહ વ્યવસ્થાની નવી પહેલ, સ્માર્ટ સીટીની જેમ સ્માર્ટ વિલેજની યોજના શરૂ કરવાની વાતો આ બજેટમાં નાણાંમંત્રીશ્રીએ કરી છે.

વર્ષ ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર રૂ. ૧૫૧૮૫૨ કરોડનું કદ ધરાવે છે, જેમાં, નવી યોજનાઓ તેમજ સેવાઓ, આવર્તક પ્રકારના ખર્ચ તથા પ્રવર્તમાન આયોજન હેઠળની યોજના પરના ખર્ચનો સમાવેશ થયેલ છે, જે વર્ષ ૨૦૧૫૦-૧૬ના સુધારેલ અંદાજ કરતાં લગભગ ૧૩ ટકા જેટલો વધારો સૂચવે છે. વાર્ષિક યોજના ૨૦૧૬-૧૭ માટે રૂ. ૮૫૫૫૮ કરોડની આયોજનની ફાળવણી કરવામાં આવેલ છે, જે ગત વર્ષના આયોજનના કદ કરતા ૮ ટકાનો વધારો સૂચવે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેના અંદાજપત્રનું એકંદર કદ રૂ. ૧૫૧૮૫૨ કરોડ છે. આ અંદાજપત્ર રૂ. ૨૪૫ કરોડની એકંદર પુરાંત તેમજ રૂ. ૩૨૩૬ કરોડની મહેસુલી પુરાંત દર્શાવે છે. મહેસૂલી પુરાંતવાળુ આ સતત છઠ્ઠુ અંદાજપત્ર રજૂ કરવામાં આવેલ છે.


નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂ. ૧૧૬૩૬૬ કરોડની મહેસૂલી આવક અંદાજવામાં આવેલ છે, કે જે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેના મહેસૂલી આવકના સુધારેલ અંદાજ કરતા ૧૧ ટકાનો વધારો સૂચવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂ. ૭૧૩૭૦ કરોડની કુલ રાજ્ય કરની આવક અંદાજવામાં આવેલ છે. જયારે બિન કર આવક રૂ. ૧૨૪૨૮ કરોડની અંદાજવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે અંદાજવામાં આવેલ રાજ્યની પોતાની મહેસૂલી આવક વર્ષ ૨૦૧૫-૧૬ના સુધારેલ અંદાજ કરતા ૧૨ ટકા જેટલો વધારો સૂચવે છે.

પ્રવર્તમાન કરના દરમાં ફેરફાર કર્યા વગર તેમજ કોઈ પણ નવા કર નહી લાદવા છતાં સુદઢ રીતે વધતાં જતાં મહેસૂલી વલણો એ ખૂબ પ્રભાવક બની રહે છે.

રાજ્યનો વિકાસલક્ષી ખર્ચ રૂ. ૧૦૧૪૮૬ કરોડ જેટલો થવા પામે છે, કે જે રૂ. ૪૭૯૭૯ કરોડના બિન વિકાસલક્ષી ખર્ચ કરતાં બમણા કરતાં પણ વધુ થાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂ. ૮૫૫૫૮ કરોડની આયોજનની ફાળવણી કરવામાં આવેલ છે જેમાં રૂ. ૧૬૪૧૭ કરોડના આયોજન માટેના અંદાજપત્ર બહારના સાધનોનો

● અનુસંધાન પાન-૭ પર




### રૂપિયો ક્યાથી આવશે

| ક્ષેત્ર | આવક (ટકામાં) |
|---|---|
| વેચાણવેરો અને મૂલ્યવર્ધિત કર (વેટ) | ૩૩.૬૩ |
| કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાન | ૯.૩૬ |
| કરવેરા સિવાયની આવક | ૮.૨૮ |
| જાહેર દેવું | ૧૯.૬૫ |
| જાહેર હિસાબ | ૨.૬૫ |
| લોન અને પેશગીની વસુલાત | ૦.૨૦ |
| કેન્દ્રીય કરવેરામાં હિસ્સો | ૧૨.૩૩ |
| વેચાણવેરો અને મૂલ્યવર્ધિત કર (વેટ સિવાય) | ૧૩.૯૦ |
| કુલ | ૧૦૦ |

### રૂપિયો ક્યાં જશે

| ક્ષેત્ર | ખર્ચ (ટકામાં) |
|---|---|
| કુલ ચોખ્ખી લેવડદેવડ | ૦.૧૬ |
| અનુદાન અને ફાળો | ૦.૨૯ |
| લોન અને પેશગી | ૦.૦૪ |
| જાહેર દેવાની ચુકવણી | ૫.૭૪ |
| વિકાસલક્ષી ખર્ચ | ૬૭.૬૦ |
| બિનવિકાસ લક્ષી ખર્ચ | ૨૬.૧૭ |
| કુલ | ૧૦૦ |



# પાટનગર યોજના માટે ૧૯૩ કરોડ

### અંદાજપત્રમાં ગાંધીનગર

- ગિફ્ટ સીટી ગાંધીનગરમાં જે શેરબ્રોકર્સ શેર બ્રોકિંગની રજીસ્ટર્ડ ઓફિસ સ્થાપશે અને તેજ જગ્યાએથી ઓપરેટ કરી ટ્રેડીંગ કરશે તેવા શેર બ્રોકિંગના વ્યવહારો પરત્વે ભરવાપાત્ર સ્ટેમ્પ ડયુટીમાંથી મુકિત.
- જીએમઈઆરએસ હસ્તકની મેડીકલ કોલેજના વિકાસ માટે નાણાંકીય જોગવાઈ.
- ગાંધીનગરના ખ-રોડને છ માર્ગીય કરવાનું કામ જે હાલ ચાલુ છે તે માટે વધારાની નાણાંકીય જોગવાઈ.
- અમદાવાદ-ગાંધીનગરમાં ૫૯૬ આવાસો માટે રૂ. ૫૨૨૦ કરોડની જોગવાઈ.
- રેલવે સાથે રાજય સરકાર સંકલન કરીને ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસનું આયોજન કરાશે.
- અમદાવાદ-ગાંધીનગર-મેટ્રો ફેઝ-૨ પ્રોજેકટના ડીપીઆર બનાવવા માટે નાણાંકીય જોગવાઈ.
- ૮ મહાનગરોમાં કોમર્શીયલ ડીસ્પ્યુટના કેસોના નિકાલ માટે કોમર્શીયલ કોર્ટની રચના.

ગાંધીનગર, તા.૨૩ ગાંધીનગરના પાટનગર યોજના વિભાગ માટે અંદાજપત્રમાં રૂ. ૧૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે ગત વર્ષ કરતાં ચાર કરોડ જેટલી ઓછી છે. પાટનગરમાં નવા કામોને બદલે હયાત સુવિધાઓના સુદઢીકરણ પર ભાર મુકવામાં આવ્યો છે.

પાટનગર યોજના વિભાગ દ્વારા આ વર્ષે ૧૪૦ યુનિટ સે-૨૯માં બી-૧ કેટેગરીના બાંધવામાં આવશે. આ ઉપરાંત વિધાનસભા સંકુલ જેને ૩૦ વર્ષની આયુ થઈ ગઈ હોવાથી નવીનીકરણ અને મજબુતીકરણ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગરની આગવી ઓળખ બનેલા મહાત્મા મંદિરના બાકી રહેલા નાના નાના કામો માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગરમાં શહેરમાં જે હાલ કામો ચાલુ છે તે માટેની જોગવાઈ પણ આ બજેટમાં કરાઈ છે અને તે કામો આ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વિકાસના નવા કામો આ વર્ષે હાથ ધરવાનું ટાળવામાં આવ્યું છે. જો કે નગરની હાલની હયાત સુવિધાઓના સુદઢીકરણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

# ખેડૂત માટે કુલ ૨૭૦૦૦ કરોડની ફાળવણી

## કૃષિ વિજ પુરવઠા માટે ૫૮૦૦ કરોડ અપાયા : સબસિડી સ્વરુપે આગામી વર્ષમાં ૪૦૧૦.૭૫ કરોડની જોગવાઈ : ખેડૂતોને વિજ જોડાણ માટે ૧૬૪૩.૫૦ કરોડ

ગાંધીનગર,તા. ૨૩ ગુજરાતનું બજેટ આજે રજૂ કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતો માટે ૨૭૦૦૦ કરોડની માતબર ફાળવણી કરવામાં આવી છે. કૃષિ સંલગ્ન પશુપાલન ક્ષેત્રમાં પણ ધિરાણમાં રાહતો માટેના નવતર આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. કૃષિ વિજ પુરવઠા વ્યવસ્થાપન માટે ૫૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના તમામ ખેડૂતોને રાહત દરે વિજળી ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો અભિગમ છે. આ હેતુ માટે વિવિધ સબસિડી સ્વરુપે આગામી વર્ષમાં ૪૦૧૦.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને એક લાખથી વધુ કૃષિ વિજ જોડાણ પુરા પાડવા ૧૬૪૩.૫૦ કરોડની મૂડી જોગવાઈ કરવામાં આવી છે જેમાં આદિવાસી વિસ્તારોમાં ખેડૂતો માટે ૩૨૦ કરોડ અને સાગરકાંઠાના વિસ્તારોના ખેડૂતો માટે ૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

ખેડૂતોને ગુણવત્તાસભર વિજળી મળે તે માટે ખુશી યોજના અંતર્ગત ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ માટે મહત્વપૂર્ણ સિંચાઈ વ્યવસ્થાપન માટે ૧૪૦૦૦ કરોડથી વધુ રકમનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના ગૌરવ સમાન સરદાર

● અનુસંધાન પાન-૭ પર

### પાન-મસાલા પર વેરો વધારી ૨૫ ટકા કરાયો

ગુજરાતના બજેટમાં પાન મસાલા પરના વેરાને વધારવાનો નિર્ણય કરાયો છે. રાજયમાં હાલ તમાકુ યુક્ત ગુટખા પર પ્રતિબંધ છે. પાન મસાલાના વપરાશ ઉપર પણ અંકુશ આવે તે જરૂરી છે. પાન મસાલા પર વેરાનો દર વધારવામાં આવે તો તેની કિંમતમાં વધારો થાય અને તેના વપરાશ ઉપર અંકુશ રાખવામાં સહાયતા મળે. આથી, પાનમસાલા પરનો હાલનો વેરાનો દર જે વધારાના વેરા સહિત ૧૫ ટકા છે તે વધારીને વધારાના વેરા સહિત ૨૫ ટકા કરવાનીજાહેરાત કરાઈ છે. સુચિત દરખાસ્તને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વાર્ષિક અંદાજીત રૂ. ૭૫ કરોડનો વધારો થશે.


INTERNATIONAL Call Center
Hiring
Candidates for
US Process
Fluency in English must.
Fixed Salary + Incentives
Ph : 079 - 30088925
30088926
Monday-Friday (10 am-6 pm)

ઓફીસ બોય / એકાઉન્ટન્ટ જોઈએ છે
● ટેલી પ્રોગ્રામ ● બેન્કીંગ કામકાજ
જાણકારને પ્રથમ પસંદગી
સંપર્ક : ૯૮૨૪૧ ૬૦૩૦૦
Send Application on E-mail
hkpatel60300@gmail.com

